ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# દીવાદાંડી




વર્ષ : ૩

વર્ષ અંક : ૪

સળંગ અંક : ૨૬

જૂન : ૨૦૧૨


લવાજમ વિનાનું નિયતકાલીન માસિક


**સંપાદક**

મનીષ સુથાર

મદદનીશ શિક્ષક

શ્રી સમાદરા પ્રા.શાળા

તા.જિ:ખેડા

પિન.૩૮૭૧૨૦




"પંડિત ઓમકારનાથજી"

જન્મ : ૨૪/૦૬/૧૮૯૭

અવસાન : ૨૯/૧૨/૧૯૬૭

**આ અંકના સૌજન્યદાતા**

શ્રી શંકરભાઈ સોમાભાઈ પટેલ

નિવૃત્ત પ્રાથમિક શિક્ષક

મું.કેસલી, તા.ગણદેવી,

જિ.નવસારી.

પિન.૩૯૬૩૬૦

મો.9429274411

## ૦ સાંકળિયું ૦

(૧) મારી વાત........................૨

(૨) આટલો સંદેશો................૩

(૩) દીકરી મારી.. ..................૬

(૪) ઓનલાઈન.....................૭

(૫) અબ્રાહમ લિંકનનો પત્ર.......૯

(૬) તારી વ્યકિતત્વ..............૧૧

(૭) પંડિત ઓમકારનાથજી.......૧૨

## ૦ શિક્ષકોને/વાચકોને ૦

૦ પ્રાથમિક શિક્ષકોને ઉપયોગી,પ્રેરણાદાયી બને તેવા મૌલિક,અનુભવજન્ય,અભ્યાસપૂર્ણ ટૂંકા લેખો,માહીતિ, સમાચાર કે વિશેષતા આવકાર્ય છે.

૦ અસ્વિકૃત લેખો કે કૃતિઓ પરત મોકલવામાં આવતી નથી.

૦ જે તે લેખ કે વિચારો અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.

૦ જે તે લેખકના લેખો,વિચારો સાથે સંપાદક કે સલાહકાર મંડળ સંમત છે તેમ માનવું નહી.

૦ આ સામયિક શૈક્ષણિક હેતુ માટે જ છે.

૦ આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

## ૦ મારી વાત...૦

**● મનીષ સુથાર**

સુજ્ઞ સારસ્વત મિત્રો,

સાદર વંદન.'દીવાદાંડી'ના **જૂન : ૨૦૧૩** અંકના માધ્યમથી આપ સૌને મળતાં હર્ષની લાગણી અનુભવું છું.

આપ સૌને નવા શૈક્ષણિક વર્ષના નૂતન વર્ષાભિનંદન.નવા શૈક્ષણિક વર્ષને નવી આશા,ઉમંગ અને સંકલ્પથી વધાવીએ.

આ માસના અંકમાં શાળા પ્રવેશોત્સવનાં સૂત્રો,ઓનલાઈન જેવું વિવિધતાસભર શૈક્ષણિક સંદર્ભ સાહિત્ય અને માહિતી આપની સમક્ષ મૂકી છે.આશા છે આપને ઉપયોગી બનશે.છતાં પણ આપના સૂચનો અને પ્રતિભાવ ''દીવાદાંડી''ને વધુ ગુણવત્તાસભર બનાવવામાં ઉપયોગી બનશે.

'દીવાદાંડી' માસિકના માધ્યમથી શિક્ષકોને સીધું ઉપયોગી શૈક્ષણિક સાહિત્ય આપવાનો પ્રયત્ન કરતો રહ્યો છું.'દીવાદાંડી'ની સફળતામાં આપ સૌના આશીર્વાદ અને સહયોગ સાંપડતો રહ્યો છે.અંતે આપ સૌનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહયો છે.એ માટે આપનો આભારી છું.

**''મા તુજે સલામ''**

# o આટલો સંદેશો o

**o સંકલન : મનીષ સુથાર**

શિક્ષણ અને કન્યાકેળવણી પ્રત્યે જાગૃતિ લાવવાના હેતૂથી રાજય સરકાર દ્વારા દર વર્ષે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી પર્વની ઊજવણી કરવામાં આવે છે.ત્યારે આવો આપણે સાથે મળીને આ શૈક્ષણિક ઉત્સવને ખૂબ સુંદર રીતે ઊજવીએ.આ ઉત્સવને સામાજિક ઉત્સવ,સામાજિક ચેતના,સામાજિક યજ્ઞ બનાવીએ.

અહીં આ ઉત્સવ સંદર્ભે કેટલાક સૂત્રો મૂકું છું.આશા છે આપને ઉપયોગી બનશે.

## o શાળા પ્રવેશોત્સવનાં સૂત્રો o

→ દીવે દીવો પ્રગટાવો,બાળકોને ભણાવો.

→ ચાલો નિશાળે જઈએ.

→ બાળ અધિકાર,શિક્ષણ અધિકાર.

→ બાળકનું ગૌરવ સ્વીકારીએ,શાળામાં પ્રવેશ આપીએ.

→ શાળા પ્રવેશોત્સવ આવ્યો,ભણવાનો અવસર આવ્યો.

→ ગોળધાણા વહેંચીએ,શાળામા બાળદેવોને પ્રવેશ આપીએ.

→ ઢોલ–નગારાં વગડાવીએ,બાળરાજાને શાળામાં પ્રવેશ આપીએ.

→ ભણતર ભવ સુધારે.

→ અમને હસાવો,અમને રમાડો,અમને ભણાવો.

→ ભણતર,ગણતર : જીવન ચણતર.

→ શાળા પ્રવેશોત્સવ એટલે બાળકોનો મહોત્સવ.

→ બાળકોને પ્રવેશ આપીએ,તેમનાં સપનાં સાકાર કરીએ.

→ વૃક્ષ થઈને ઊગવું છે,મારે શાળામાં જઈ ભણવું છે.

→ ભણતરનો ભાર નહીં,શાળાએ જવામાં વાર નહીં.

→ નવી દિશાઓ ખોલીએ,શાળામાં જઈ ભણીએ.

→ ચલો ચલે...સ્કૂલ ચલે હમ.

→ દીક્ષા અને સંસ્કારનું પારણું,શાળા પ્રવેશોત્સવ એક નજરાણું.

→ શાળા મારી વાત્સલ્યનું ઝરણું,ગુરૂજી મારા જ્ઞાનનું ઝરણું.

→ પ્રવેશોત્સવની ઊજવણી,સમાજની છે ભાગીદારી.

→ બાળક તો છે પ્રભુનું સંતાન,શાળામાં જઈ બને મહાન.

→ ગલી ગલી મેં ગુંજે નાદ,શાળા પ્રવેશોત્સવનો જયજયકાર.

→ શાળાએ તોરણ બંધાવો,બાળદેવોનાં જીવન બનાવો.

→ દીકરી ભણે,દીકરો ભણે,શાળામાં સૌ બાળ ભણે.

→ જય જય ગરવી ગુજરાત,ભણે કન્યા અને કુમાર.

→ હસતાં–રમતાં ભણીએ,શાળામાં ભાવિ આપણું ઘડીએ.

→ શા માટે આપણે પાછળ રહીએ ? ચાલો આપણે શાળાએ જઈએ.

→ સાંભળજો બળકો સાદ,નિશાળ તમને કરે છે સાદ.

→ પ્રવેશોત્સવ ઉજવાય આજ,બાળકો જાય ભણવાને કાજ.

→ ભાર વિનાનું ભણતર આજ,શાળામાં તો બાળકોનું રાજ.

→ મને ખીવવું છે,ખીલવા દો.

→ સાથે મળીને અમે શાળાએ જાશું,
શિક્ષણની સંગાથે અમે સપનાં ઉછેરશું,
સદીઓ પુરાણા આ બંધનને તોડશું,
ખળખળતી નદીઓ થઈ વહેશું.

→ ભણીશ લખીશ અને મહેનત કરીશ,
હું મારા પગથી ચાલીને દુનિયાને દેખીશ,
મારી આંખોથી દુનિયાને દેખીશ.
હું શાળામાં ભણીશ.

## o કન્યાકેળવણીનાં સૂત્રો o

→ ભણેલી દીકરી બે પેઢી તારે.

→ કન્યા છે જગતનું સન્માન,કન્યાને ઘો પૂરાં સન્માન.

→ કન્યા માત્રને આપીએ જ્ઞાન,સમાજની એ સાચી શાન.

→ દીકરી વ્હાલનો દરિયો.

→ બેટી બચાવો,બેટી વધાવો,બેટી ભણાવો.

→ કન્યા કેળવણી,સમાજની સાચી કેળવણી.

→ કન્યા કેળવણી રથયાત્રા,શિક્ષણની જીવનયાત્રા.

→ દીકરીને હોંશે ભણાવો,નારી માત્રને નિરક્ષર ન રાખો.

→ શિક્ષણ કેરો સહુને છે અધિકાર,દીકરીના ભણતર વિના અંધકાર.

→ દીકરી મારી લાડકવાયી,ભણશે રૂડી પેર,
ઊગારવા બે કુંટુંબને,ઉપાય છે આ સહેલ.

→ ગામે–ગામ એક જ વાત,દીકરી–દીકરો એક સમાન,બંનેને આપો તક સમાન.

→ શિક્ષિત નારી વિકાસનો આધાર.

→ દીવે  દીવો પ્રગટાવો,કન્યાને ભણાવો.

→ ગામની બાળાઓને ભણાવીએ,ગામનું ગૌરવ વધારીએ.

→ દીકરીનો છે એક જ નારો,ભણતરનો છે અધિકાર અમારો.

→ દીકરીને નથી સમજયા આપણ,માટે કહીએ છીએ પારકી થાપણ.

→ દીકરી રૂડી સાચી મૂડી.

→ ગોળ વિના મોળો કંસાર,દીકરી વિના સૂનો સંસાર.

→ દીકરી દી' ઊજાળે,દીકરી દા'ડા વાળે.

→ સૌથી મોટું દાન,કન્યાને આપો શિક્ષણ દાન.

→ આપણા સૌનો એક જ નારો,કન્યાને શાળામાં દાખલ કરો.

→ દીકરો દીકરી એક સમાન,ભણીને બને મહાન.

→ દીકરી એ સમાજની આંખ અને રાષ્ટ્રની પાંખ.

→ અમારે સહાનુભૂતિ નહિ,સ્વીકૃતિ જોઈએ.

→ નારી તું નારાયણી.

→ જયાં સુધી નહીં નારી સન્માન,ત્યાં સુધી નહીં સંસ્કૃતિ ઉત્થાન.

**( બાલસૃષ્ટિ જૂન : ૨૦૦૬ અંકમાંથી સાભાર...)**

---

## ० દીકરી મારી લાડકવાયી ०

- આપણી ભારતીય સંસ્કૃતિમાં સમર્પણ છે,ત્યાગ છે અને અવું જો ત્યાગનું પાત્ર હોય તો તે દીકરી છે.આપણે ત્યાં એમ કહેવાય છે કે પોતાના ઘરમાં દીવો કરે તે એને દીકરો કહેવાય અને બીજાના ઘરે જઈ દીવો કરે એને દીકરી કહેવાય.દીકરી ત્રણ કુળને તારે છે–બાપના,મોસાળના અને સાસરાના. –ભીખુદાન ગઢવી (લોકસાહિત્યકાર)
- "તમે ગમે તે કહો, પણ એક વાત સોનાના પતરા પર લખી રાખવા જેવી છે કે દીકરી એ ઘરનું અજવાળું છે,ઘરની ચાંદની છે.દીકરીના સ્પર્શનો જાદુ તો જુઓ ! હું કાંકરાને સ્પર્શ કરું ત્યારે તે કેવળ કાંકરા જ રહે છે, પણ મારી દીકરી રચના કાંકરાને સહેજ અડકે કે તરત એ નિર્જીવ કાંકરા પાંચીકા બની જાય છે." **–અનિલ જોશી (જાણીતા કવિ)**
- 'રાષ્ટ્રની ગુણવત્તા એટલે પરિવારોની ગુણવત્તા.' સુખી પરિવાર વગરનો માણસ ગમે તેટલો ધનાઢય હોય તોય ગરીબ જાણવો.એમાંય પરિવારમાં જો એક દીકરી ન હોય તો એ દયનીય માલદાર કહેવાય. **– ગુણવંત શાહ (જાણીતા લેખક–ચિંતક)**
- મારી સમજ કંઈક એવી છે કે પુત્ર એ પિતાનું રૂપ છે, પરંતુ પુત્રી એ તો પિતાનું સ્વરૂપ છે.પુત્ર એ બાપનો હાથ છે,પરંતુ દીકરી એ બાપનું હૈયું છે.અને એટલે જ તો જયારે બાપ કન્યાદાન આપતો હોય છે ત્યારે, એ દીકરીનો હાથ જમાઈના હાથમાં

આપતો હોય છે, પરંતું વાસ્તવમાં તો એ પોતાનું હૈયું જ આપતો હોય છે. **– મોરારિબાપુ (જાણીતા કથાકાર)**

- જે પતિ–પત્નીને સંતાનમાં એક જ પુત્રી છે એ પિતા પિતૃત્વની ચરમતમ ઉંચાઈને સ્પર્શી જતા હોય છે.પુત્રી અને એક જ પુત્રી, ગયા ભવમાં જેણે પુણ્ય કર્યા હોય એને જ આ ભવમાં મળે. **– ચંદ્રકાંત બક્ષી ( જાણીતા લેખક)**

---

## o ઓનલાઈન o

ભગવદ્ગોમંડલ' જેવા અદ્વિતીય જ્ઞાનકોશની ગુજરાતી પ્રજાને
ભેટ ધરનાર ગોંડલનરેશ શ્રી ભગવતસિંહજીને
ભાવપૂર્વક અર્પણ...




Welcome !

Bhagwadgomandal is the biggest and the most prolific work in Gujarati. Visionary Maharaj Bhagvadsinhji of Gondal gifted the original Bhagwadgomandal to the world after 26 years of scientific and detailed work. This encyclopedic dictionary is a cultural milestone of Gujarati language.

Ratilal Chandaria's Gujaratilexicon Team has digitized Bhagwadgomandal and created its digital avatar. The aim is to showcase the richness of such an indispensable resource for experts and lovers of Gujarati language. It is a treasure of knowledge and every Gujarati's pride. Explore It!

## Key Features

- Cultural Landmark of Gujarati Language
- Comprehensive, Scientific and Rich Treasure Of Knowledge
- 2.81 Lakh Words, 8.22 Lakh Meanings, 26 Years Of Devotion, 9200 Pages - All At Single Click Now
- Indispensable Resource For Everyone
- Available In Original Animated and Digital Form on Internet & CD
- Fully Unicode & Free

www.bhagvadgomandal.com

## ➢ પરિપત્ર મેળવવા માટેની સાઈટ...

નમસ્કાર મિત્રો,

એજ્યુસફર ટીમ તરફથી હવે એક નવું સોપાન, પુષ્પ ઉમેરાયું છે અને તે પણ પરિપત્ર વિભાગ સ્વરૂપે. ઘણી વેબસાઈટ કે બ્લોગ પરથી તમે પરિપત્રો ડાઉનલોડ કરતાં હશો પરંતુ તેમાં તમને જોવા મળ્યું હશે કે પરિપત્રમાં હેડર, ફૂટર અથવા વોટરમાર્ક સ્વરૂપે જે તે બ્લોગ કે વેબસાઈટનું નામ પણ સાથે સામેલ હોય છે .જેથી ઘણીવાર તમને તે ન ગમતું હોવા છતાં તમારે તેનો ઉપયોગ કરવો પડતો હોય છે. હવે આપ સૌ આ ચિંતામાંથી મુક્ત થઇ એજ્યુસફરના આ નવા વિભાગ પરથી પરિપત્રો તેના મૂળ સ્વરૂપે ડાઉનલોડ કરી શકો છો.

**http://paripatro.edusafar.com**

**'બાળક મને સમજે' એવો આગ્રહ છોડીને 'હું બાળકને સમજું' એવું વિચારનાર શિક્ષક બાળકની જીવન–ઈમારતનો સાચો 'આર્કિટેક' કહેવાય.**

# ૦ અબ્રાહમ લિંકનનો પત્ર ૦

(અમેરિકામાંથી ગુલામી પ્રથા નાબુદ કરનાર પ્રમુખ અબ્રાહમ લિંકન પોતાના પુત્રને પહેલી વખત નિશાળમાં બેસાડતી વખતે કેવા શિક્ષણની અપેક્ષા રાખે છે અને તેને શીખવનાર દુનિયાના લોકો પાસે કેવી માંગણી કરે છે,તેનું સૌને સંબોધીને કરેલું એમનું લખાણ છે.)

હે જગત !

મારા પુત્રની આંગળી ઝાલીને તેને દોરજે.કેમ કે આજે એણે શાળાએ જવાનો આરંભ કર્યો છે.

શરૂ શરૂમાં થોડો સમય એને બધું અજાણ્યું અને નવું નવું લાગશે ત્યારે એની સાથે થોડી રહેમથી વર્તજે.તું જાણે છે કે અત્યાર સુધી એ કૂકડાઓનો રાજા હતો,આજુબાજુના કમ્પાઉન્ડનો એ સરદાર હતો.વળી એની ઈચ્છાઓને સંતોષવા હું હાથવગો હતો.

પણ...હવે બધું બદલાઈ જશે.આજે સવારે એ ઘરનાં આગલાં પગથિયાં ઉતરશે.હાથ હલાવીને આવજો કહેશે અને શાળામાં મહાન સાહસનો પ્રારંભ કરશે.એમાં કદાચ સંઘર્ષો,કઠણ ઘટનાઓ અને વેદનાઓનો પણ સમાવેશ થાય.

આ જગતમાં વસવા માટે શ્રદ્ધા,પ્રેમ અને હિંમત જોઈએ.એથી હે દુનિયા ! તું એની કુમળી આંગળી ઝાલીને દોરજે અને ભણવા યોગ્ય સો સો વાનાં શીખવજે.જો બની શકે તો મૃદુતાથી એને આ બધા પાઠો ભણાવજો.

એણે શીખવું તો પડશે જ.હું જાણું છું કે બધા માણસો ન્યાયપૂર્વક વર્તતા નથી.બધા જ માણસો સાચા નથી.પણ એને શીખવજે કે એક એક કુટિલ માણસની સામે એક એક વીર પુરૂષ પણ હયાતી ધરાવે છે.દરેક પ્રપંચી રાજપુરૂષની સામે એક એવો સમર્પણની ભાવનાવાળો રાજપુરૂષ પણ હોય છે.જે જગતની સમતુલા જાળવી રાખે છે.અને શીખવજે કે એક એક દુશ્મનની સામે એક એક મિત્ર પણ હોય છે.

ક્રૂર અને ઘાતકી માણસો ઘણી સરળતાથી નમી શકે છે,અને તમારા પગ ચાટવા માંડે છે,એ વાત એ શીખે તો સારું.

એને પુસ્તકોની અદ્‌ભૂત દુનિયાનાં દર્શન કરાવજે.આકાશમાં ઊંચે ઉડતાં પંખીઓ,સૂર્યના પ્રકાશમાં ગીતો ગાતી મધમાખીઓ અને લીલા ડુંગરાઓ પર ઝૂલતા પુષ્પોનું શાશ્વત રહસ્ય શોધવા એને થોડીક નિરાંતનો સમય આપજે.

એને શીખવજે કે છેતરપિંડી કરીને સફળતા મેળવવા કરતાં નિષ્ફળ જવું એ અનેક રીતે બહેતર છે.ભલે બીજા બધા એને ખોટો કહે તો પણ એને પોતાના જ વિચારોમાં શ્રદ્ધા રાખવાનું શીખવજે.

જયારે સૌ વાયરા પ્રમાણે પીઠ બખલે ત્યારે ટોળાંને અનુસરવાને બદલે એ એકલો પોતાને માર્ગે જઈ શકે એ માટે એને બળ આપજે.બધાંની જ એ વાત સાંભળે, પણ સત્યની ચાળણીમાંથી ચાળીને જે સારું હોય એ ગ્રહણ કરે એમ એને શીખવજે.

એનાં મન–હૃદયને એ સર્વોચ્ચ સાહસ માટે સમર્પી દે,પણ આત્મા અને હૃદયનાં દ્વાર એ બંધ ન કરે એ જોજે.ટોળાંની બૂમોથી એ નમે નહિ અને જો પોતાની વાત સાચી લાગે તો એને માટે જીવસટોસટની લડાઈ આપતાં અચકાય નહીં એમ એને શીખવજે.

હે જગત ! મૃદુતાથી આ બધું  એને શીખવજે.પણ એને ખોટા લાડ લડાવીશ નહિ.કારણ કે અગ્નિમાં તપીને જ સુવર્ણ શુદ્ધ બને છે.મારી માગણી કદાચ તને વધુ પડતી લાગે,પણ હે જગત ! બની શકે એટલું તું કરી છૂટજે, કારણ કે એ મારો નાનકડો મજાનો પુત્ર છે.

---

## શીખવું–શીખવવું

આજથી સો વર્ષ પછી તમે કઈ બ્રાન્ડની કાર વાપરતા હતા,
કેવા વિરાટ મહેલમાં રહેતા હતા,
તમરા બેંકના ખાતામાં કેટલા રૂપિયા હતા,
તમરાં વસ્ત્રો કેવાં હતાં ! એવી કોઈ વાતનું કશું મૂલ્ય રહેવાનું નથી.
પણ જો તમે એક બાળકની જિંદગીમાં કશું મહત્વનું ઉમેરી શકો
તો વિશ્વ થોડું વધારે સુંદર બનશે.

**– માર્ગારેટ ફિશબેક પાવર્સ**

## તારી વ્યકિતત્વની છટામાં
## વ્યકત થતો રહું છું હું



**– દિલીપ ભટ્ટ**

મારો અવાજ તારા કંઠમાં શોભે,
તારી આંગીઓના ટેરવેથી શ્વેત કાગળમાં
ઊડવા નીકળે મારા શબ્દપંખીઓ...
તારું વર્તન એ જ મેં જગત સાથે કરેલી વાતો...
તારો આત્મવિશ્વાસ એ જ મારું પ્રતિબિંબ,
તારી સ્થિરતા એ જ મારા તપનું ફળ,
તારી વ્યકિતત્વની છટામાં વ્યકત થતો રહું છું હું.
તું નથી મારો પુત્ર કે પુત્રી
છતાં તારા અંતઃકરણમાં છુપાઈને
તારી આંખે જિંદગીને હું જોયા કરું...
તું અટકી જાય ત્યારે ફરી આગળ વધારું...
તું ઊભો રહી જાય તો સાદ કરું
તારથી સદાય એક ડગલું આગળ ચાલું
એ આશાએ કે તું કદીક વાઘ છલાંગ મારીને
સાત ડગલાં મારથી આગળ પહોંચીશ.
મારથી ઉન્નત આસને તને જોવાની તમન્ના,
મારાથી વધુ ઉજજવળ જીવન તું પામે
એ જ સદાની મનો કામના.



**મારા આશીર્વાદ તારી સાથે જ છે...**

**( "મારા વહાલા વિદ્યાર્થીને" માંથી સાભાર...)**

## ૨૩ – જૂન
## પંડિત ઓમકારનાથ જન્મજયંતિ



જન્મ : ૨૪.૬.૧૮૯૭,મૃત્યું : ૨૯.૧૨.૧૯૬૭, જન્મ સ્થળ : જહાજ.માત્ર ગુજરાતના જ નહિ પણ ભારતના મહાન સંગીત રત્નોમાં જેમની ગણના થાય છે એવા પડિત ઓમકારનાથનો જન્મ એક સામાન્ય કુટુંબમાં થયો હતો.પિતાનું નામ ગૌરીશંકર ઠાકુર અને માતાનું નામ ઝવેરબા હતું.તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રી,નેપાળના મહારાજા તરફથી સંગીત મહોદય,કાશીની મહાવિદ્યાલય તરફથી સંગીત સમ્રાટ જેવા સન્માન પ્રાપ્ત થયા હતા.ઈ.સ.૧૯૪૩માં રણજિતરામ સુવર્ણચંદ્રક પણ એનાયત થયો હતો.

- **આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :**
  - તેમના જીવનકવન વિશેની માહિતી પ્રાર્થના સંમેલનમાં આપવી.
  - ભારતના સંગીતકારોના નામની યાદી કરવી.
  - ભારતના પ્રખ્યાત વિવિધ વાદ્યવાદકોના નામની યાદી કરવી.
  - સંગીતનાં સાધનોના નામની યાદી કરવી.
  - ગીત સ્પર્ધાનું આયોજન કરવું.


**<u>પત્રવ્યવહાર/પ્રાપ્તિસ્થાન</u>**

**મનીષ સુથાર**
**મદદનીશ શિક્ષક**
**પ્રાથમિક શાળા,સમાદરા.**
**તા.જિ : ખેડા.**
**પિન.૩૮૭૧૨૦**
**મો.૯૦૯૯૧૭૨૧૭૭**
**e-mail:manishsuthar123@gmail.com**


**TO.** **PRINTED METTER**

........................................................

........................................................

........................................................

........................................................

**PIN.**


**COMPOSED BY:Manish suthar,asst. teacher,prathmik shala samadara,ta & di:kheda**